ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપન-૧૦૯૯-૨૦૦૭-આઇ,
૫,સરદાર ભવન,ચોથો માળ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ- ૨-૧-૨૦૦૧

ઠ રા વ :-

રાજયમાં ખેત પેદાશ પર આધારીત ઉધોગોની સ્થાપનાની વિપુલ તકો રહેલી છે. ઘણા કૃષિ વિષયક પાકોનું રાજયમાં મોટા પાયે ઉત્પાદન થાય છે. ખેત પેદાશપર આધારિત ઉધોગોને થ્રસ્ટ ઇન્ડસ્ટ્રીઝ ગણીને તેને પ્રોત્સાહન આપવાની બાબત રાજ્યની ઔધોગિક નીતિ ૧૯૯૫-૨૦૦૦ માં સામેલ કરવામાં આવેલ હતી. કૃષિ પેદાશ પર આધારિત ઉધોગોની સ્થાપનાને વેગ આપવા તથા કૃષિ આધારિત ઉધોગોનો રાજયમાં સર્વાંગી વિકાસ કરવા સરકાર કૃતનિશ્ચયી છે અને આધુનિક ટેકનોલોજીવાળા કૃષિ ઉધોગોની સ્થાપના થાય, રાજયમાં કૃષિ ક્ષેત્રે આંતરમાળખાકીય સુવિધા ઉભી થાય, કૃષિ ક્ષેત્રે રોજગારી વધે, ખેતપેદાશની ગુણવત્તા અને ઉત્પાદકતામાં વધારો થાય અને ખેડૂતોને ખેતપેદાશના વ્યાજબી ભાવો મળી રહે તે બાબત ધ્યાને રાખી ગુંજરાત સરકારે જાહેર કરેલ કૃષિ ઉધોગ નીતિ-૨૦૦૦ અંતગર્ત નીચે મુજબની યોજના અમલમાં મૂકવાનું નકકી કરેલ છે.

(૧) શીર્ષકઃ-

આ યોજના નવી કૃષિ ઉધોગનીતિ-૨૦૦૦ નીચેની યોજના તરીકે ઓળખાશે.

(૨) યોજનાની મુદતઃ-

આ યોજના ઠરાવની તારીખથી અમલમાં આવશે અને તેની મુદત પાંચ વર્ષની રહેશે.

(૩) વ્યાખ્યાઃ-

(એ) ખેત ઉધોગોઃ-

ખેત ઉધોગનો અર્થ એવાં એકમો થાય છે કે જે ખાધ અથવા ખાધ સિવાયની કૃષિ વિષયક પેદાશો-વચગાળાના પદાર્થો-ફાજલ પદાર્થોનું પ્રોસેસીંગ કરી એનું વેચાણયોગ્ય કે વપરાશયોગ્ય કે ખાધ સ્વરુપની એવી પેદાશોમાં રુપાંતર કરે છે કે જેથી એના મૂલ્યમાં વધારો થાય છે અથવા તો એની સંગ્રહયોગ્યતામાં સુધારો-વધારો કરે છે. અથવા તો એને ખેતરથી

બજાર સુધીનું અંશતઃ જોડાણ પુરું પાડે છે. ખેત ઉદ્યોગમાં હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત ખેતીનો પણ સમાવેશ થાય છે.

(બી) <u>કૃષિ વિષયક પેદાશઃ-</u>

કૃષિ વિષયક પેદાશનો અર્થ ખેતીવાડી, બાગાયત પ્રવૃત્તિ, રેશમનાં કીડા ઉછેરની પ્રવૃત્તિ, ફૂલોની ખેતી, મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિની પેદાશો એવી થાય છે(ખાદ્ય તેલિબિયામાંથી તેલ કાઢવાની કનવેન્શનલ ટેકનોલોજી પ્રક્રિયા સિવાય)અને એમાં ગૌણ અન્ય વન્ય પેદાશો તથા ડેરી અને ડેરી આધારિત બનાવટો સિવાયની પશુધન આધારિત પેદાશોનો સમાવેશ થાય છે.

(સી) હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત ખેતી :-

હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત ખેતીનો એવો અર્થ થાય છે અને એમાં એવા પ્રોજેકટોનો સમાવેશ થાય છે. જેમાં ટીસ્યુકલ્ચર, પ્રોડકશન ઓફ ટ્રાન્સજેનિક પ્લાન્ટ, માસ મલ્ટિપ્લીકેશન ઓફ પેરાસાઈટ્સ-પ્રીડેટર્સ, ફર્મન્ટેશન પ્લાન્ટ ફોર બાયો ફર્ટિલાઈઝર્સ, જીન મેપીંગ કલોનીંગ અને જીનેટિક એન્જીનીયરીંગ, ગ્રીન હાઉસ, એકવાકલ્ચર જેવી કોઈપણ પ્રક્રિયાનો ઉપયોગ થયો હોય અથવા તો ખેત ઉદ્યોગને લાગુ પડતી હોય એવી કોઈપણ ફ્ન્ટીયર ટેકનોલોજીનો ઉપયોગ થતો હોય.

(ડી) અન્ય પ્રકારનાં યુનિટો, પેદાશો પ્રક્રિયાઓ જેનો સમાવેશ સરકાર ધ્વારા વખતોવખત ના હુકમથી કરવામાં આવે એ પણ એમાં સમાવેશ માટે પાત્ર લેખાશે.

(ઈ) નવું કૃષિ ઉદ્યોગ એકમ :-

આ યોજના દરમ્યાન સ્થપાયેલ નવું એકમ નીચેની શરતો પુરી કરતો હોય તો નવું કૃષિ ઉદ્યોગ એકમ ગણાશે.

(૧) જે એકમ યોગ્ય સત્તા ધરાવતા સંસ્થા પાસેથી ઈરાદાપત્ર-મંજુરીપત્ર-રજીસ્ટ્રેશન મેળવેલ હશે તેને નવું એકમ ગણવામાં આવશે. પરંતુ તેજ તાલુકામાં તેના ચાલુ ઉત્પાદનની વધારાની ક્ષમતા ધરાવતું એકમ સ્થાપવામાં આવશે તો તે વિસ્તૃતિકરણ ગણાશે. પરંતુ નવું એકમ ગણાશે નહીં.

(૨) નવા એકમને ઓળખી શકાય તેવું જુદું મૂડી રોકાણ હોવું જોઈએ કે જે હાલના ચાલુ ઉત્પાદકીય પ્રવૃત્તિઓ સાથે કોઈ સંબંધ ધરાવતું ન હોય અને જે નવું ઉત્પાદન શરુ થાય તેનું આગવું બજાર હોવું જોઈએ. નવા યુનિટને પોતાનું જુદુ બિલ્ડીંગ, જુદા હિસાબો હોવા જોઈએ. અને આ એકમને નાણાંકીય સંસ્થાએ સ્વતંત્ર રીતે એક પ્રોજેકટ ગણેલો હોવો જોઈએ. પરંતુ આમ છતાં જો આ એકમ પાણી, વીજળી, વરાળ કે પ્રદુષણ નિયંત્રણની સવગડો માટે કોઈ ચાલુ એકમ સાથે સંકળાયેલ હોય તો કોઈ વાંધો આવશે નહીં.

(એફ) લઘુ ઉદ્યોગ સેકટરમાં એકજ અથવા એકથી વધુ માલીકો-ડાયરેકટર એકજ તાલુકામાં એકજ પ્રકારના ઉત્પાદન સાથે સંકળાયેલ હશે તો રોકાણના કારણોસર આ બધા એકમોનું ભેગું એકજ રોકાણ ગણાશે.

(જી) હાલનું ચાલુ કૃષિ ઉદ્યોગ એકમ :-

ચાલુ કૃષિ ઉદ્યોગ એકમ એટલે એવું એકમ કે જે ચાલુ યોજના અમલમાં આવતા પહેલાં અસ્તિત્વમાં આવેલ હોય.

(એચ) કૃષિ ઉદ્યોગ કોમ્પલેક્ષ :-

કૃષિ ઉદ્યોગ કોમ્પલેક્ષ એટલે એક અથવા એકથી વધુ કૃષિ ઉત્પાદન માટે એકજ સ્થળે, આવેલ નવા કૃષિ ઉદ્યોગોનો સમુહ.

(આઇ) વિસ્તૃતિકરણ અને વૈવિધિકરણ :-

ચાલુ કૃષિ ઉદ્યોગ એકમ નીચેના કોઇ પણ એક હેતુ માટે તેની હયાત સ્થાયી મૂડી રોકાણમાં ૫૦ ટકા કરતા વધુ વધારો કરે તો તેને વિસ્તરણ અથવા વૈવિધિકરણ ગણવામાં આવશે.

(૧) સ્થાપિત કાર્યશકિતમાં વધારો કરવા માટે.
(૨) વધારાની નવી ચીજનું ઉત્પાદન શરૂ કરવા માટે.
(૩) સ્વવપરાશમાં આવતા કાચામાલનું ઉત્પાદન કરવા માટે (બેકવર્ડ ઇન્ટગ્રેશન)
(૪) હાલની ઉત્પાદિત ચીજનો ઉપયોગ કરી નવી ચીજ બનાવવા.(ફોરવર્ડ ઇન્ટગ્રેશન)

(જે) આધુનિકરણ :-

કોઇ ચાલુ કૃષિ ઉદ્યોગ એકમ અથવા નવા કૃષિ ઉદ્યોગ એકમ નીચેના એક અથવા બધા હેતુ માટે હયાત સ્થાયી મુડી રોકાણમાં ૨૫ ટકા કે તેથી વધુ વધારો કરે તો તેન આધુનિકરણ ગણવામાં આવશે.

(૧) નવી અને સુધારેલી ઉત્પાદન પ્રકિયા અપનાવવાના કારણે ઉર્જા બચત, થાય પ્રદુષણ ઘટે ઉત્પાદકતા વધે.
(૨) નવી ટેકનોલોજી અપનાવવા સ્થાપિત યંત્ર સામગ્રીમાં ફેરફાર કરવો કે ઉત્પાદન પ્રકિયામાં આધુનિક યંત્ર સામગ્રી ઉમેરવી.
(૩) ગુણવત્તા સુધારવા તેની હાલની ઉત્પાદન પ્રકિયામાં, મશીનરીમાં કે પ્લાન્ટ લે આઉટમાં ફેરફાર કરે.

નોંધ :-

એકમની જૂની યંત્ર સામગીમાં ફેરફાર કરવાથી અથવા આધુનિક યંત્ર સામગી ઉમેરવાથી એકમની જૂની મશીનરી સ્ક્રેપ કરવાની થાય અથવા તે બિન ઉપયોગી થતી હોય તો તેની મશીનરીના

મુલ્ય જેટલી રકમ આધુનિકરણ પરત્વેના પાત્ર મૂડી રોકાણમાંથી બાદ કરવાની રહેશે. હયાત મશીનરીના રીપ્લેશમેન્ટ પરત્વે આ યોજનાનો લાભ મળશે નહિ.

(કે) **હયાત સ્થાયી મૂડી રોકાણ :-**

હયાત સ્થાયી મૂડી રોકાણ એટલે કે વિસ્તરણ કે વૈવિધિકરણ હાથ ધરવામાં આવે તે તારીખ સુધીનું સ્થાયી મૂડી રોકાણ.

(એલ) વાણિજય ઉત્પાદન :-

વાણિજય ઉત્પાદન શરૂ કર્યાની તારીખ એટલે કે પ્રથમ વેચાણ કર્યાના બીલની તારીખ જો કોઇ સંજોગોમાં વેચાણ બીલ ઇશ્યુ થયું ના હોય તો ઉત્પાદન તારીખ નકકી કરવા માટે નીચેની બાબતોની ચકાસણી કરી ઉત્પાદન શરૂ કરેલ છે કે કેમ તે ચકાસવાનું રહેશે.

(૧) એકમે ઉત્પાદન માટેની જરૂરી મશીનરી નિયત તારીખેખરીદી અને સ્થાપિત કરેલ છે કે કેમ ?

(૨) એકમે નિયત તારીખ પહેલા વીજ પુરવઠો મેળવેલ છે કે કેમ ?

(૩) એકમે ઉત્પાદન માટે જરૂરી બધા પ્રકારના કાચા માલ , કન્યુમેબલ ખરીદી કરેલ છે કે કેમ ?

(૪) ઉત્પાદન માટે તે માસ દરમ્યાન ઔદ્યોગિક વીજળી વપરાશ કરેલ છે કે કેમ ?

(૪) <u>નાણાકીય સહાય :-</u>

(ક) રાજયમાં નવા સ્થાપાનાર કે વિસ્તૃકરણ કે વૈવિધિકરણ કે આધુનિકરણ કરનાર ટાઇની, લધુ,મધ્યમ અને મોટા કૃષિ ઔદ્યોગિક એકમોને પાંચ વર્ષ માટે ૬ ટકાના દરે મહત્તમ રૂા. ૧૦૦ લાખની મર્યાદામાં બેક -એન્ડેડ વ્યાજ સહાય આપવામાં આવશે.

(ખ) આંતર માળખાકીય સુવિધા માટેની સહાયઃ-

કૃષિ ઉધોગના વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધાનું આગવું મહત્વ છે. જેથી નીચે જણાવેલ આંતર માળખાકીય સુવિધાઓ જેવી સુંવિધાઓ માંટે વ્યાજ સહાય આંપવામાં આવશે.

(૧) ફુડ-એગ્રો ઇન્ડસ્ટ્રીયલ પાર્ક

(૨) બાગાયત પેદાશો માટે શીતશૃંખલા (કોલ્ડ ચેઇન)

(૩) ખેત પેદાશો માટે સપ્લાય ચેઇન(મૂલ્ય વૃધ્ધિ કેન્દ્ર-એગ્રો સર્વિસ સેન્ટર)

(૪) નાશવંત ખેત-બાગાયત પેદાશો માટે છૂટક વેચાણ કેન્દ્રોની શૃંખલા

(૫) એગ્રો પોર્ટ-જેટી અને ટ્રાન્સપોર્ટેશન હબ

(૬) ટેકનોલોજી ઇનક્યુબેશન અને નિદર્શન કેન્દ્ર

(૭) કૃષિલક્ષી બાયોટેકનોલોજી ઇનક્યુબેશન

જે પ્રોજેક્ટ માટે અધિકૃત નાણાંકીય સંસ્થા-શીડ્યુલ બેંક પાસેથી કાર્યકારી મૂડી સિવાયનું ધિરાણ લીધેલ હોય તો તે ધિરાણ પર વાર્ષિક ૬ ટકાના દરે પાંચ વર્ષ માટે (વધુમાં વધુ રૂા. ૪૦૦ લાખની મર્યાદામાં) બેક-એન્ડેડ વ્યાજ રાહત આપવામાં આવશે.

ઉપરોક્ત વ્યાજ સહાય રાહત નીચેની શરતોને આધિન આપવામાં આવશે.

૪.૧ આ વ્યાજ સહાય રાષ્ટ્રીકૃત બેંકો અને ભારતીય રીઝર્વ બેંક ધ્વારા માન્ય નાણાકીય સંસ્થાઓ ધ્વારા કૃષિ ઉદ્યોગને ને ટર્મ ( મુદતી ધીરાણ) લોન આપવામાં આવેલ હોય તે ટર્મ લોન ઉપરના વ્યાજ પરત્વે આપવાની રહેશે.

૪.૨. આવા ઉદ્યોગો વર્કીંગ કેપીટલની લોન મળવે તો તેની ઉપર વ્યાજ સહાય મળશે નહી.

૪.૩. યોજનાના સમયગાળા દરમ્યાન ધીરાણ ચુકવવામાં આવેલ હોવું જોઇએ. સંબંધિત એકમને ધીરાણ મંજૂર થાય તે તારીખે સુધારા વધારા સાથે જે ઠરાવ અમલમાં હોય તે ઠરાવને આધિન રહીને આ વ્યાજ સહાય રાહત આપવામાં આવશે.

૪.૪. યોજનાના સમયગાળા દરમ્યાન એકમે વાણિજ્ય ઉત્પાદન શરૂ કરેલ હોવું જોઇએ.

૪.૫. વ્યાજ સહાય લોનની રકમની પરત ચુકવણી પૂર્ણ થાય અથવા પાંચ વર્ષ બંન્નેમાંથી જે પહેલુ આવશે તેટલા સમયમાં માટે આપવામાં આવશે.

૪.૬. વ્યાજ સહાયનો સમયગાળો એકમ ઉત્પાદન શરૂ કરે તે તારીખથી ઉપસ્થિત થતા વ્યાજ પૈકી વ્યાજની જે રકમ લાભાર્થી એકમ બેંકને સમયસર ભરે તેવા વ્યાજ પરત્વે આ વ્યાજ સહાય મળશે.

૪.૭ વ્યાજ સહાય નિયમિત હપ્તા (મુદ્દલની રકમ) અને વ્યાજ ભરનાર એકમને મળવાપાત્ર બનશે. જો કોઇ એકમ વચગાળા સમયમાં ડીફોલ્ટર (મુદત વીતી બાકીદાર) ( એક સાથે ત્રણ હપ્તાથી વધુ)બનશે તો તે ગાળા માટે અને ડીફોલ્ટરની રકમ પરત્વે વ્યાજ સહાય મળવાપાત્ર બનશે નહિ. અને ડી-ફોલ્ટીગનો સમયગાળો પાંચ વર્ષમાંથી બાદ કરવામાં આવશે. જ્યાં સુધી લોન પરત્વે ડી-ફોલ્ડ ચાલુ રહે ત્યાં સુધી વ્યાજ સહાય મળવાપાત્ર થશે નહિ.

૪.૮ ફકત લોનની મૂળ રકમ પર વ્યાજ સહાય મળી શકશે. દંડનીય વ્યાજ કે વ્યાજનું વ્યાજ ગણતરીમાં લેવાશે નહિ.

૪.૯. ઉદ્યોગ સાહિસકને એક સ્થળ દીઠ ( પર-લોકેશન દીઠ) એક ઔદ્યોગિક એકમને વ્યાજ સહાય આપવામાં આવશે.

૪.૧૦. વિસ્તરણ અથવા વૈવિધિકરણ કે આધુનિકરણ પરત્વેનો લાભ સંબંધિત એકમને તેના યોજનાના સમયગાળા દરમ્યાન એક વખત આપવામાં અવશે.

મર્યાદામાં)સહાય તરીકે આપવામાં આવશે. આવી સહાય સર્ટિફિકેશન માર્ક-પ્રમાણપત્ર મળ્યા પછી જ ચૂકવવામાં આવશે.

(૯) હવાઇ નૂર ચાર્જીસ :-

વૈશ્વિકરણના માહોલમાં કૃષિ ઉધોગનાં ઉત્પાદનો દેશ બહાર મોકલવાની પણ આવશ્યકતા વધી છે કે જેથી નિકાસમાં વધારો થઇ શકે. તે હેતુ ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રિય હવાઇ મથક અમદાવાદ ખાતેના કાર્ગો કોમ્પલેકસ ઉપરથી, કેરી, ચીકુ, કેળા, ટામેટા, જેવી રાજય સરકારે વખતોવખત નકકી કરેલ ખાદય ચીજોની નિકાસ માટે જે વ્યકિત કે સંસ્થાએ હવાઇ નુર ચાર્જીસ ચુકવેલ હોય તે ખરેખર ખર્ચના ૨૫ ટકાના ધોરણે સહાય નીચેની રાહત આપવામાં આપશે.

(૧) આવી સબસીડી એકમ દીઠ દર વર્ષે વધુમાં વધુ રૂા.દસ લાખ ચુકવી શકાશે.

(૨) એકમ દીઠ પાંચ વર્ષના સમયગાળાથી વધુ આવી સહાય મળશે નહીં.

(૩) કૃષિ ખાદય વસ્તુની નિકાસ માટે વિદેશમાં જો નમુના મોકલવાના હોય અને નમુના પાસ કરાવવા માટે ખર્ચ કરવો પડતો હોય તો તે અંગે કરવામાં આવેલ ખરેખર કાયદેસર ખર્ચના (આ હેતુ માટે થયેલ પ્રવાસ ખર્ચ સિવાય) પચાસ ટકા સહાય રૂા.પચાસ હજારની મર્યાદામાં આપવામાં આવશે.

(૧૦) સંશોધન અને વિકાસઃ-

કૃષિ ઉધોગમાં ખેત પેદાશની ગુણવત્તા સુધરે તે ખુબ જરુરી છે. આ સુધારણા માટે જે ઉધોગ-સંસ્થા-ઉધોગ સાહસ કોઇ સંશોધન વિકાસ કેન્દ્રની સ્થાપના કરે અને તે કેન્દ્ર ઉપર વિશિષ્ટ સંશોધન પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે તો આ સંશોધન પ્રવૃત્તિ માટે કરેલ ખર્ચના પચાસ ટકાના ધોરણે રૂા.૨૦ લાખની મર્યાદામાં સહાય ચુકવવામાં આવશે.

(૧૧) સહાય મંજૂર કરનાર સમિતિઃ-

ટાઇની અને લઘુ કૃષિ ઉધોગોને વ્યાજ સહાય કૃષિ ઉધોગ માટે પ્રોજેકટ રીપોર્ટની સહાય, પેટન્ટ રજીસ્ટ્રેશન મેળવવા માટેની સહાય, કવોલીટી સર્ટીફીકેશન માર્ક મેળવવા માટેની સહાય તથા હવાઇ નુર ચાર્જીસ પેટે મેળવવા માટેની સહાય નીચેની સમિતિ મંજુર કરશે.

(ક) ઉધોગ કમિશ્નરશ્રી- અધ્યક્ષ
(ખ) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન
(ગ) કૃષિ નિયામકશ્રી ગુજરાત રાજય

(ઘ) અધિક સચિવશ્રી,નાણા વિભાગ
(ચ) અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ
(છ) અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી,(પ્રોત્સાહન)
(જ) જનરલ મેનેજર, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ સભ્ય સચિવ

(૧૨) કૃષિ ઉદ્યોગ નીતિ અન્વયેની સત્તાધિકારી સમિતિઃ-

રાજયમાં કૃષિ વિષયક ઔદ્યોગિક વિકાસ વધુ સારી થાય તે માટે કૃષિ ઔદ્યોગિક નીતિનું અમલીકરણ અસરકારક થાય એ જરુરી છે. જેથી આ કૃષિ ઔદ્યોગિક નીતિ -૨૦૦૦ અંતર્ગત નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.:-

(૧) મુખ્ય સચિવશ્રી..............અધ્યક્ષ
(૨) અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ
(૪) અગ્ર સચિવશ્રી, કૃષિ વિભાગ
(૫) ઉદ્યોગ કમિશ્નરશ્રી
(૬) કૃષિ નિયામકશ્રી, ગુજરાત રાજય
(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.(સભ્ય સચિવ)

આ સમિતિનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે.

(૧) ખેત ઉદ્યોગ નીતિનો ઝડપથી અને અસરકારક રીતે અમલ થાય તેનું ધ્યાન રાખવું.
(૨) કૃષિ નીતિ અંતર્ગત મધ્યમ અને મોટા ઉદ્યોગોને વ્યાજ સહાય રાહત મંજુર કરવી.
(૩) કૃષિ નીતિ અંતર્ગત આંતર માળખાકીય સુવિધાઓ વાળા પ્રોજેકટને વ્યાજ સહાય રાહત મંજુર કરવી.
(૪) આંતર માળખાકીય સુવિધાઓ અંતર્ગત કયા વધારાના પ્રોજેકટને આવરી લેવા તે અંગેના સુધારા સુચવવા.
(૫) સેન્ટર ફોર એકસેલન્સ માટેની સહાય મંજૂર કરવી.
(૬) મોટા મૂડીરોકાણ અને વિશિષ્ટ ટેકનોલોજી આધારિત કૃષિ ઉદ્યોગોને આકર્ષવા માટે ખાસ સવલતોની જરુરીયાત હોય તો તેની મંજૂરી.

સહાય મંજુર કરનાર સમિતિ-સત્તાધિકારી સમિતિએ લીધેલ નિર્ણય અનુસાર ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ મંજુરીપત્ર રવાના કરશે. આ બાબતે ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ, નોડલ એજન્સી તરીકે કામ કરશે. નાણાકીય સહાયની ચુકવણી ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી હસ્તક રહેશે.

(૧૩) અન્ય શરતો :-

આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલી અને ચૂકવવામાં આવેલી વ્યાજ રાહત સહાયની રકમની ચુકવણી નીચેની શરતોને આધીન રહેશે અને આ શરતો પૈકીની કોઇપણ શરતનો ભંગ થશે તો સહાયની ચુકવી આપવામાં આવેલી રકમ જમીન મહેસુલના બાકી લ્હેણાં તરીકે વસુલ કરવામાં આવશે.

(ક) આ યોજના હેઠળ સહાયકી મેળવનાર ઔદ્યોગિક એકમને, સંબંધિત સક્ષમ અધિકારીએ ઠરાવેલા અને મંજુર કરેલા ધોરણોસર પ્રદુષણ નિયંત્રણ માટેના સાધનો ગોઠવી અસરકારક રીતે ઉપયોગમાં લીધા હોવા જોઇશે અને તેમની જાળવણી કરવી જોઇશે.

(ખ) સહાય મેળવનાર એકમ વ્યાજસહાયના કિસ્સામાં લોન પૂરેપુરી ભરપાઇ થાય ત્યાં સુધી, ઉત્પાદનમાં ચાલુ રહેવું જોઇશે.

(ગ) રાજય સરકાર વખતો વખત માંગે એ મુજબ ઔદ્યોગિક એકમે ઉત્પાદન રોજગાર અને અન્ય કોઇ મુદા અંગે માહિતી આપવાની રહેશે.

(ઘ) આ યોજના હેઠળ પ્રોત્સાહનો મેળવતાં એકમોએ બધી જગાઓમાં ઓછામાં ઓછા ૮૫ ટકા જેટલી જગા ઉપર અને વ્યવસ્થાપકીય તથા સુપરવાઇઝરી જગાઓમાંથી ઓછામાં ઓછી ૬૦ ટકા જેટલી જગાઓ ઉપર સ્થાનિક વ્યકિતઓની ભરતી કરવાની રહેશે. જેની ચકાસણી જનરલ મેનેજર, જિલ્લા ઉધોગ કેન્દ્ર, તથા રોજગાર અધિકારીની સંયુકત ટીમ કરશે. સ્થાનિક રોજગારીની ટકાવારી કાયમ માટે રાખવાની રહે છે. જો એકમ રોજગારનીતિ અનુસાર સ્થાનીક વ્યકિતઓને રોજગારી આપવામાં નિષ્ફળ જાય તો તેની પાસેથી સહાયકીની રકમ જમીન મહેસુલના બાકી લ્હેણાં તરીકે વસુલ કરવામાં આવશે.

(ચ) એકમને રાજય સરકારની અન્ય કોઇ યોજના નીચે વ્યાજ સહાય અથવા રોકડ સહાય મળવાપાત્ર હશે અને તે મેળવવા એકમે વિકલ્પ સ્વીકારેલ હશે તો આ યોજના નીચે લાભ મળવાપાત્ર થશે નહીં.

(છ) બંધ એકમ કે માંદા લઘુ એકમને પુનઃજીવીત કરવા માટે વિસ્તરણ કે વૈવિધ્યકરણ કે આધુનિકરણ કરવાનું થતું હોય તો તેને જી.બી.એફ.આઇ.આર. ની યોજનાનો લાભ મળશે અને આ યોજનાનો લાભ મળશે નહીં.

(જ) કૃષિ ઉધોગની સ્થાપના માટેના નાણાકીય પ્રોત્સાહનો મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ સિવાય સમગ્ર રાજયમાં મળવાપાત્ર થશે. અલબત્ત કોલ્ડ ચેઇન તથા રીટેઇલ આઉટલેટને આ મર્યાદા લાગુ પડશે નહીં.

(ઝ) અગાઉની યોજનાઓ હેઠળ સબસીડી અથવા વેચાણવેરા પ્રોત્સાહનો મેળવ્યા હોય તેવા એકમોને આ યોજનાઓ હેઠળ આગામી ત્રણ વર્ષ દરમ્યાન વ્યાજ સબસીડી કે રોકડ સબસીડીનો લાભ મળશે નહીં.

(ટ) જે કેસમાં બેંક અથવા નાણાકીય સંસ્થાએ એકમના પ્રોજેકટ અહેવાલને મંજૂર રાખીને મૂડીરોકાણની સમીક્ષા કરી હોય તેવા કેસમાં તે મૂડીરોકાણ અથવા એકમે કરેલ ખરેખર મૂડીરોકાણ, બે પૈકી જે ઓછું હોય તે પરત્વે યોજનાનો લાભ મળશે.

(ઠ) જે એકમ પાસેથી રાજ્ય સરકારના કોઇ વેરા કે લ્હેણાની રકમ બાકી હોય તેવા એકમ જયાં સુધી તે બાકી રકમો સરકારમાં ભરે નહીં ત્યાં સુધી વ્યાજ સહાય કે સબસીડી મળવાપાત્ર થશે નહીં.

૧૪. આ યોજના હેઠળ અર્થઘટન, ઝગડો કે વિવાદ અંગેની સઘળી બાબતોના નિર્ણયની સત્તા-સત્તાધિકારી સમિતિની રહેશે. અને સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે જે આ યોજના નીચે અરજી કરનાર અરજદાર એકમને બંધનકર્તા રહેશે.

૧૫. આ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટેનાં ખર્ચ માંગણી નંબર:૪૯ ૨૮૫૨ ઉધોગો, (૦૧)દૂરસંચાર અને વિજાણુ ઉધોગો,૨૦૨-વીજાણુ ઉધોગો, આઇએનડી-૨, વીજાણુ ઉધોગો સહિત ઝોકપાત્ર (થ્રસ્ટ)ઉધોગોને ખાસ રાહત સહાય એ અંદાજપત્રના સદર હેઠળ ઉધારવામાં આવશે. અને એની હેઠળ કરવામાં આવેલી જોગવાઇઓમાંથી આપવામાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સમાન નંબરની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨-૧૨-૨૦૦૦ ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એસ.ઉપાધ્યાય)
અધિક સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-

- -માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી.
- -માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
- -માનનીય મંત્રીશ્રી, ઉધોગના અંગત સચિવશ્રી.
- -માનનીય નાયબ મંત્રીશ્રી(ઉધોગ)ના અંગત સચિવશ્રી.
- -માનનીય મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી.
- -સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

-સર્વે રાજયકક્ષાના-નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
-અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
-અગ્ર સચિવશ્રી, કૃષિ વિભાગ.
-મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી.
-સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ)અમદાવાદ-રાજકોટ.
-એકાઉન્ટન્ટ જનરલશ્રી( પી એન્ડ ઇ)રાજકોટ
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ.
-ઉધોગ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
-વેચાણવેરા કમિશ્નરશ્રી, અમદાવાદ.
-સર્વે જિલ્લા ઉધોગ કેન્દ્રો.
-મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એગ્રો ઇન્ડસટ્રીઝ કોર્પોરેશન લિ.અમદાવાદ.
-કૃષિ નિયામકશ્રી, ગાંધીનગર.
-મેનેજીંગ ડીરેકટરશ્રી, ઇન્ડેક્ષ-બી, ગાંધીનગર.
-ઉધોગ અને ખાંણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા.
-ઉધોગ અને ખાણ વિભાગ નિયંત્રણ હેઠળના સર્વે બોર્ડ-કોર્પોરેશન.
-ઉધોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.
-સિલેકટ ફાઇલ.